# કાળી-ધોળી જાન

ડાબાજમણી ઝોકાં ખાતી જીપ ગામ બહાર નીકળી. સવારની નિશાળનો ઘંટ વાગી ચૂક્યો હતો, છતાં છોકરાં વડ આગળથી ખસતાં ન હતાં. વડના થડે એક ભેંસ તાણી બાંધી હતી. બાજુમાં નસકોરાં ફુલાવતો પાડો ઊભો હતો. ટોળું વિખેરવા રબારી વારંવાર લાકડી વીંઝતો, પણ આ તો છોકરાં. ઘડી આઘાં ખસે, પાછાં હતાં ત્યાં ને ત્યાં. રંજને આંખ મીંચકારતાં કંચનને કોણી મારી. રતિભાઈને થયું: વાલાએ બધાંમાં સરખી માયા મૂકી છે. ત્યાં જીપ થોડી નમી. બધાં: ઓ બાપ રે! કરતાં એકબીજા પર ઢળી પડ્યાં. પાણીની ટાંકીના કાદવથી પૈડાં બચાવતી જીપ ધીમે ધીમે કાળા રોડે ચડી.

રતિભાઈને થયું: આખર હાળું બધું બૈરાંમંડળ જ આવ્યું. કાકાએ કહેલું કે તારી કાકી આવશે. ભાઈ પણ છૂટી પડેલા: તારી ભાભીને જ લઈ જજે. વાત એમ હતી કે દોઢસો-બસો કિલોમીટર જવાનું ને આવવાનું. સામે ગામ લોકાચાર કરવાનો. બેપાંચ ઘેર ચા પણ પીવાની ને રસ્તામાં રોકવાનું એ જુદું. આખો દાડો ભાંગવો પડે. કાપણીનાં કામ, ઉપરથી વરસાદ મેલ મૂકે નહીં તે કોને કામની ઉતાવળ ન હોય? એટલે આ જીવી ને જમના ને રંજન ને કંચન ને જીપના દર્પણમાં ફરતી તેમની નજર કંટાળતી હતી. એકાએક એમની આંખ પહોળી થઈ ગઈ: ઓતરા-ચિતરાના તડકામાં બળતી

જળતી ખેતરમાં ને ખળામાં જોતરાતી, ઝાંખરાં જેવાં ઝટિયાંવાળી જોગણો ક્યાં ને ક્યાં આ ધુપેલ નાખી પટિયાં પાડી આવેલી પૂતળીઓ! રતિભાઈને જરા નવું લાગ્યું. પણ રમા...

રતિભાઈએ બાજુની ખાલી સીટ પર હાથ ફેરવ્યો, લાંબો શ્વાસ લીધો, બંને હાથ ખોળામાં ગોઠવ્યા. ડ્રાઇવરની જેમ કોરી નજર રોડ પર માંડી. ત્યાં પાછળની સીટો પર છીંકણીની ડબીઓ ઊઘડી. સાથે વાતો પણ.

– બુન, માર તો જેઠાંણી કાલ રાત હુધી ઘૂઘરો બાંધીન બેઠાં તાં. પણ મીં કૌશિકિયાના પપ્પાન કઈ દીધેલુંઃ આ વખત તો મું જ જયે. અમાર આ બધો લોકાચાર શીખવાનો જ નઈ? કાલ ઊઠીન જુદાં થઈએ!

મળે ત્યારે મામા મામા કરતી ભાણી ભાવનાનો અવાજ હતો. રતિભાઈથી દર્પણમાં ડોકિયું નખાઈ ગયું.

– લે, કાળા હાલ્લામાં મી તન પેલી વારકી જોઈ. ગભરાતી નઈં. તું તાર અમે કરીએ ઈમ કરતી જજે. રોટલાની જેમ ઓશલા કૂટવાના. કાંય વાંધો નઈ આવ. જીવી દેખાતી ન હતી. રતિભાઈ થોડા ડ્રાઇવર તરફ ખસ્યા.

– વાંધો વળી હનો આવ? ઢોર ચારતાં તારનું બધું શીશેલાં. મું તો જુદા જ વેતમાં આઈ સું.

– ઈ વળી હું?

– ચમ, ઈનું પિયર નઈં? માની ખબરેય કઢાય.

– ઓહો, તું તો બુન ઘણી હુશિયાર!

– હુશિયાર કુણ નહં? લોકઈનું તો બાંનું.

કંટાળતાં રતિભાઈએ બીડી પેટાવી. ગઈ કાલે ગામના ચોતરે ગાડા પર બેસી નાટક જોયેલુંઃ 'બિલ્વમંગલ'. મારો બેટો પૂરો વરણાગિયો, નદીમાં ઘસડાતો, સાપને દોરડું માની કેવો?... ઊંઘ આવતી ન હતી. રતિભાઈ વારંવાર પાણિયારે જતા ત્યારે ભલીભાભીએ પૂછેલુંઃ ચ્યમ રતિ ભૈ, આજ આંમ? ત્યારે નાના છોકરાની જેમ ઢીલા થઈ, ઢાળિયાના પાણી જેવું ખળખળ વહી ગયેલાઃ ભાભી, રમા વગર ફાવતું નથી. કાંઈ કરો. ભાભી કોસના પાણી જેવી હતી, એટલે તરત ઠલવાઈ ગઈઃ શું તમેય તમારા ભાઈ જેવા. મા જુદી,

પણ વેલો તો એક જ બાપનો ને! થોડી વાર વાતો કરીઃ કાંક કરીશું, કહી ઊંઘાડેલા, પણ રતિભાઈ આખી રાત જાગેલા. રમા આવેલી, જેઠના બફારામાં ટાઢોડીના પાણી જેવી. ઘૂંટડો બે ઘૂંટડા માંડ પીધા. પણ અષાડ-શ્રાવણ-ભાદરવો કોરાધાકોર. હમણાં દશેરાની રાતે, ચાંદની થઈ રમા ઓરડામાં પથરાઈ હતી. રંગેચંગે ચૌદસના ગરબા ગવાયા અને...

જમણા હાથની બીડી ઓલવાઈ ગઈ હતી. નવરા પડેલા ડાબા હાથે એનું કામ શોધી લીધું હતું, સાથળ ખંજવાળવાનું.

ભણવામાં આવેલી કવિતા હોઠે રમવા લાગીઃ

પ્રિયા! પ્રિયા! પ્રિયા! તારા હાથમાં સર્વ હાય રે!

ત્વરાથી દેહ જોડી દેઃ આ તો નહીં ખમાય રે!

રતિભાઈને આખો વર્ગ દેખાયો. છોકરીઓ ઊંધું ઘાલી બેસી રહી હતી. સાહેબ વધારે ને વધારે ઉત્સાહમાં આવતા જતા હતા. રતિભાઈ ગોખવાના નામે આ જ ગોખતા હતા. ગુજરાતીની એ ચોપડી સંતાડી રાખી હતી. હશે ક્યાંક પટારામાંઃ રે હાય! સ્પર્શસુખ, પ્રાણસખી! હજી દે! અવાજ વગરના હોઠ કવિતામાં નહાતા હતા, આંખો પાછળની સીટો પર ખરડાતી હતી.

– હાચી વાત. કંકુકાચી, જોજો પાસાં ઘરે જઈ મારી હાહુ આગળ ડાયાં નાં થતાંઃ ક તમારી વઉ તો આવી ન તેવી. બાકી આપણા રામ જે કાળી મજૂરીથી એક દાડો સૂટ્યા.

– દીવા જેવી વાત છ, ભા. હવારના પાંચ વાજ્યાથી વૈતરાં શરૂ. મૂતરનાં માટલાં ન છાણનાં શેંટણાં ઉપાડી ઉકેડે જવાનું. તતૈણ ડોબાં દોવાનાં.

– ઓશલા કૂટવા ચૂલામાંય આપણ ઘલાવાનું.

– શેતરમાં જતાં દહ દહ જણાનાં ભાત ઉપાડવાનાં, વળતી વેળા કેડ ફાટી જાય એવા ચારના ભારા લાબ્બાના.

રતિભાઈ તંદ્રામાંથી જાગી ગયા. ભલીભાભીની જીભ પર બળતરાના ઝરેડા પડી ગયા હતા. રાતદિવસ સાથે રહેવા છતાં ભાભીઓને ને કાકીઓને પહેલી વખત જોતા હોય તેમ રતિભાઈ દર્પણમાં ફાટી આંખે તાકી રહ્યા. બારે મહિના બાંધેલી જીભો ખૂંટા તોડી ઊભી વાટે દોડતી હતી. એના મોઢા પરથી ઘૂમટા

જ નહીં, મહોરાં પણ ઊતરી ગયાં હતાંઃ

– શેતીનો ધંધો કામ તો વેઠવું જ પડ ન?

– કામની ચાં ના સે. ઉપરથી હાહુ હાહરાના ટિટિયારા.

– ન ચાંપલી નણદો? એય ન ચોપડીમાં મુઢું ઘાલી ટીવી જોતી બેહ. બધા ઢહેડા આપડ.

– બુન, ભણવું હતું ક? તો તમેય પીટીસી થઈ નેહાળમાં ખુરશી મ્હાલતાં વોત. દિવસે ઘૂમટામાં ને રાતે અંધારામાં સંતાતી રમા ભળભાંખરા અજવાળાં જેવી દેખાઈ. રતિભાઈએ એને જોઈ હતી, પણ જાણી ન હતી. એમને વિચિત્ર વિચાર આવ્યો રમા ખરેખર કોના જેવી હશે? ભાભી જેવી કે બટાકબોલી ભાવના જેવી કે રંજન કંચન જેવી? ના, ના, રમા તો, પ્રાણસખીઃ હાય રે! સ્પર્શસુખ, પ્રાણસખી! હજી દે!

– લ્યાં, તમે પાસાં રોજનો ટિટિયારો શરૂ કરી દીધો. કઉં સુ, આંય તો બળ્યું, બધું હેઠે મૂકાં.

– રોજ રોજ ચ્યાં ભેગાં થવા મળશ? ચકલીઓ આઈ ન તારથી કૂવા – તળાવનાં આપણાં હખ પણ જ્યાં.

– ઈમ જીવ બાળે હું મળ? લે, છેંકણી લાય, હેંડ, જો ચાર રસ્તા આવ. એટલ વટથી જીપ ઊભી રખાવાની.

– ઓવ સ્તો. ફાફડા જલેબી ઝાપટવાનાં.

– આઇસક્રીમ ઉડાવાનો.

– પેપ્સીય પીવાની.

– હાસ્તો વળી. રાતમાં ટ્રંક ખોલી હાલ્લાના બેવનમાં હંતાડેલી લઈ ન આઈ શું. કડકડતી લીલી નોટ

– મન હતું જ ક હરખેહરખી મળીશું તો એકલી લૂખી વાતોથી કાંય નઈ વળે.

– ઓવ વળી, પાંચ-પચી ભાજી નાખવાના. આપડી જાત ઉપર જ વાપરવાના સ ક?

– ગાંમમાં આવા ઠીઠિયાં કઢાય? ક તાળીઓય લેવાય?

સૌનાં મોઢાંમાં રમાનું મોઢું શોધવા મથતા રતિભાઈને થયુંઃ આમનું ચાલ્યું હોત તો કાળાધોળા સાલ્લા થેલીઓમાં સંતાડી, લગ્નનાં સેલાં ઠઠાવીને આવી હોત.

– એલી, બધું આગળ હાંભળતા હશી.

– અહં. નો હાંભળ. હાંભળ તોય રતિભાઈનો ભોં નઈ. લાડકા દિયોર કેવાંય. રમકડા જેવા. પણ નેનડિયો! તમે જરા જીભ પર લગામ રાખજો.

– અમે ચ્યાં ઈમની લાજ કાઢિયે છિયે, હેં! મારી મા કેતી'તી ક રતિભાઈ તો માંમા થાંય.

– હંઅં, મારાય કાકા થાય.

– હંઅં 'લી, આટલી મજા ઈમની જાનમાંય ન'તી આઈ. અઈ તો આખી સીટ પર આપડ માંડ તૈણ જણી. ફાવ ઈમ ફેલઈ ન બેહાં.

– જાંનની તો વાત જ ના કરતી. બુન. તારા વના આપણામાંથી કુણ ગયું તું ઈમની જાનમાં? લગનના લ્હાવા લેવાના હોય. પહેરી ઓઢી માલવાનું હોય તાણ તો બુનો ન બેટીઓ ન આગળ કર. કાળા હાલ્લા ઓઢી મોં વાળવાનાં હોય તાણ વહુઓ, ભાભીઓ ન કાકીઓ ધકેલવાની. આમના તો મૂઆ રિવાજ જ ગાંડા સ.

– મું તો મારી માન ના જ કેતી'તી. પણ કરમની ફૂટેલી. નકર મુંય શેરમાં રોટલી ખઈ, ટીવી જોતી, હલાઉ, હલાઉ, કરતી હોત, હોવ!

– રાંડો, અતારે આવી વાતો શોભ? કંકુકાકીએ ચગેલી મંડળીને જરા હેઠ ઉતારી. રતિભાઈ હવે વાતોથી પૂરા રંગાઈ ગયા હતા. એમને થયુંઃ વાત હાચી. ફટાણાં ગાવામાં એની જાનડીઓ કેવી હારી ગઈ હતી. આવી ખમતીધર જાનડીઓ હોત તો વટ પડી જાત.